ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૨ મે, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!



કુકડિયાગઢ સાથે હજારો વર્ષોની તપસ્યા અને આધ્યાત્મિક ઈતિહાસ જોડાયેલો છે

## ધર્મ અને ધૈર્યની ધરતી એટલે

# વાલવોડ

# મહીનદી કાંઠાના વેરાન વિસ્તારમાં ૧૧૦૦ વર્ષ પૂર્વે વિચરણ કરતા વાલ્મિકી ઋષિના નામથી વાલવોડ ગામ ઓળખાય છે

આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં આવેલું વાલવોડ ગામ એ તાલુકાનુ બિલકુલ છેવાડાનું ગામ છે. ગામનો ઇતિહાસ બાબતે લોકચર્ચા દરમિયાન જાણવા મળ્યા મુજબ તો આ ગામ આશરે ૧૧૦૦ જેટલા વર્ષ જેટલું જૂનું છે. ગામનું નામ બાબતે પ્રવર્તી રહેલી માન્યતા મુજબ વેરાન વગડા જેવા નિર્જન વિસ્તારમાં વાલ્મિકી ઋષિનુ વિચરણ રહેતું હતું. જેથી આ પવિત્ર ભૂમિનુ નામ અપભ્રંશ થતાં વાલ્મિકીની ભુમિ પરથી વાલવોડ પ્રચલિત થયું હોવાનું જણાઈ આવે છે. આઝાદી પહેલા આ ગામ વડોદરા ગાયકવાડી સરકારની હકુમતમાં આવતું હતું. તત્કાલીન સમયે બહુ જ ઓછી વસ્તી ધરાવતા વેરાન વગડા જેવા ગામમાં મોટાભાગે સ્થાનિક લોકો સામાન્ય જીવન શૈલીનુ જીવન જીવતા હતા. સમયાંતરે બદલાવ આવતો હતો. પરંતુ દેશ આઝાદ થયા બાદ સ્વરાજ્યની સંસ્થાઓની સ્થાપના થયા બાદ ગામના લોકોને પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થવા પામી હતી. વર્તમાન સમયમાં ગામ વાલવોડ પટેલ ઠાકોર , પરમાર, સોલંકી , ગઢવી, પ્રજાપતિ ,રબારી , દેવીપૂજક, હરિજન વણકર રોહિત વગેરે સમાજના લોકો અહીંયા હળી મળીને સંપીને રહે છે.. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. વાલવોડ ગામતળ વિસ્તારમાં વસવાટ કરતા લોકો ઉપરાંત સીમાડા વિસ્તારમાં પણ લોકોનો વસવાટ છે. વાલવોડ ગામના સીમાડા વિસ્તાર ખુબ મોટા પ્રમાણમાં વિસ્તરે છે. કુલ છ જેટલા સીમ વિસ્તાર આવેલા છે . મોટાભાગના વિસ્તારમાં સ્થાનિક કક્ષાએ પ્રાથમિક શિક્ષણ માટે શાળાઓ અને આંગણવાડીઓની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

**આણંદથી 40 કિ.મી.ના અંતરે આવેલું વાલવોડ ગામ તિર્થભૂમિ તરીકે જાણીતું બનેલું છે**








# શ્રી ચંદ્રમણી તીર્થ – વાલવોડ : પ્રાચીન જૈન સંસ્કૃતિ અને તપસ્યાની પવિત્ર ધરતી

ચરોતર પ્રદેશમાં આવેલું વાલવોડ ગામ જૈન ધર્મના ઐતિહાસિક અને આધ્યાત્મિક વૈભવનું મહત્વપૂર્ણ કેન્દ્ર માનવામાં આવે છે. મહીસાગર નદીના કિનારે, બોરસદથી આશરે 21 કિલોમીટર અંતરે આવેલું શ્રી ચંદ્રમણી તીર્થ શાંતિ, સાધના અને ભક્તિના અનોખા સંગમરૂપે પ્રસિદ્ધ છે. પ્રાચીન સમયથી જ આ તીર્થ જૈન સમાજ માટે શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. અહીંનું નિરવ અને આધ્યાત્મિક વાતાવરણ યાત્રાળુઓને આત્મિક શાંતિનો અનુભવ કરાવે છે.

ઇતિહાસ મુજબ વાલવોડનું પ્રાચીન નામ “વારિણીજય નગરી” હતું. સમય જતાં આ નગરી “વાલવોડ” તરીકે ઓળખાવા લાગી. ચરોતરના પ્રાચીન સાહિત્યમાં આ ભૂમિનો વિશેષ ઉલ્લેખ જોવા મળે છે. આ તીર્થભૂમિ પર જૈન ધર્મના મહાન તપસ્વીઓએ કઠોર સાધના કરી હોવાના અનેક ઉલ્લેખો મળે છે. માન્યતા અનુસાર શ્રી આદિનાથ દાદાના પુત્રો પૈકી શ્રી દ્રવિડજી અને શ્રી વારિખિલ્લજીએ અહીં તપ આરાધના કરી હતી. તેમણે વૈરાગ્યપૂર્ણ જીવન સ્વીકારી ગિરિરાજ પર મોક્ષ પ્રાપ્ત કર્યો હોવાનું કહેવાય છે.

વાલવોડનું જિનાલય પણ અત્યંત પ્રાચીન અને ઐતિહાસિક મહત્વ ધરાવે છે. અંદાજે ચારસો વર્ષ જેટલું જૂનું આ જિનાલય જૈન કળા અને ભક્તિનું અનોખું પ્રતિબિંબ રજૂ કરે છે. અહીંની મૂળ પ્રતિષ્ઠા વિક્રમ સંવત ૧૮૦૩ના મહા સુદી પાંચમના પવિત્ર દિવસે કરવામાં આવી હતી. મંદિરના મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ભગવાનની મનોહર નવણરસયુક્ત પ્રતિમા ખૂબ જ પ્રાચીન માનવામાં આવે છે. કહેવાય છે કે આ પ્રતિમા લગભગ એક હજાર વર્ષથી પણ વધુ પ્રાચીન છે. ભક્તો માટે આ પ્રતિમા અખૂટ શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર બની રહી છે.

આ તીર્થના વિકાસ અને પ્રસિદ્ધિમાં અનેક જૈનાચાર્યો અને સંતપુરુષોએ યોગદાન આપ્યું છે. ખાસ કરીને આયુષ્યભર સુરિક્ષિત અખંડ ઓળીની આરાધના કરનાર આચાર્ય પદને શોભાવનાર પૂજ્ય શ્રી સિદ્ધસૂરિશ્વરજી મહારાજ સાહેબનું નામ વિશેષ આદર સાથે લેવામાં આવે છે. તેમના પ્રભાવ અને આશીર્વાદથી આ તીર્થને નવી ઓળખ અને પ્રસિદ્ધિ મળી હતી. પૂજ્ય બાપજી મહારાજના દિવ્ય સ્નેહ અને માર્ગદર્શનના પરિણામે અહીં અનેક ધાર્મિક કાર્યો, જ્ઞાનદાન, સેવા અને ભક્તિના કાર્યક્રમો સતત યોજાતા રહ્યા છે. આજે પણ શ્રી ચંદ્રમણી તીર્થ દેશ-વિદેશના જૈન ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. યાત્રાળુઓ માટે અહીં સુંદર ધર્મશાળા તથા ભોજનશાળાની સુવિધા ઉપલબ્ધ છે. તીર્થમાં પ્રવેશતા જ શાંતિપૂર્ણ વાતાવરણ અને આધ્યાત્મિક ઉર્જાનો અનુભવ થાય છે. પ્રાચીન ઇતિહાસ, પવિત્રતા, સાધના અને ભક્તિના કારણે આ તીર્થ માત્ર ધાર્મિક સ્થળ જ નહીં, પરંતુ જૈન સંસ્કૃતિના ગૌરવ અને પરંપરાનું જીવંત પ્રતિક બની રહ્યું છે. શ્રી ચંદ્રમણી તીર્થ - વાલવોડ આજે પણ હજારો ભક્તોના હૃદયમાં અડગ આસ્થા અને શ્રદ્ધાનું પવિત્ર કેન્દ્ર બનીને ઝળહળી રહ્યું છે.

**દેશ-વિદેશના જૈન ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. અહીં સુંદર ધર્મશાળા તથા ભોજનશાળાની સુવિધા છે. તીર્થમાં શાંતિપૂર્ણ વાતાવરણ અને આધ્યાત્મિક ઉર્જાનો અનુભવ થાય છે**

## વાલવોડ ટાઉન ટોક

### -: વાલવોડ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1530 |
| કુલ વસ્તી | 7640 |
| કુલ પુરૂષો | 3962 |
| કુલ સ્ત્રીઓ | 3678 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 73.68 |
| પુરૂષ સાક્ષરતા દર | 83.87 |
| સ્ત્રી સાક્ષરતા દર | 62.64 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 1021 |
| ખેત મજૂર | 759 |
| સીમાંત વર્ગ | 2065 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 524 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 82 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 4987 |
| ગાય | 2034 |
| ભેંસ | 1896 |
| અન્ય | 1057 |

### -: જમીન ક્ષેત્રફળ :-

1553 હેક્ટર 11 આરે 07 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 72 હેક્ટર 97 આરે 35 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 04 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 537 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 2235 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1907 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 11 |
| ખેતી વિષયક જોડાણ | 232 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 420 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 1070 |
| BPL કાર્ડ ધારકો | 384 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 102 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 205 |
| વિધવા સહાય | 085 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 18 |